અપીલ અરજી નં. ૫૨૭,તા.૩૧–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૫–૧૧–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) અમોએ આપશ્રીને આપેલ અરજી તા. ૮–૧૧–૧૧થી જેનો આપના રજીસ્ટરમાં ઈનવર્ડ નં.૭૯૭૮ છે તે અરજી અનુસંધાને થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી આપવી તથા કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન કરનાર અધિકારીઓના નામ હોદ્દા સહિત માહિતી આપવી વિ. મુદૃા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૫–૧૧–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) અમોએ આપશ્રીને આપેલ અરજી તા. ૮–૧૧–૧૧થી જેનો આપના રજીસ્ટરમાં ઈનવર્ડ નં.૭૯૭૮ છે તે અરજી અનુસંધાને થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી આપવી તથા કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન કરનાર અધિકારીઓના નામ હોદ્દા સહિત માહિતી આપવી વિ. મુદૃા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/એસ્ટા/૧૯૨૭ તા. ૨૩–૧૨–૧૧/પત્ર નં. સા.ઝોન/૫૮૧ તા. ૨૨–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ મોકલવા તથા મુદૃા નં.૧ અને ૪ અંગે સ્થિતિ સ્પષ્ટ કરવા તેમજ જો તે અંગે તબદીલી હોય તો તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૨ તા.૧૧–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુદૃા નં.૨,૩,૫ની આપેલ માહિતી અંગે નારાજગીના આધાર રજૂ કરવા તથા અપીલ દરમ્યાન શેષ માહિતી મળે તો તે અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૨૧૧૯ તા.૨૫–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદૃા નં.૨ અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/૫૮૧ તા.૨૨–૧૨–૧૧ ના સમય અવધિમાં પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૯૨૭ તા.૨૩–૧૨–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતી અુગેના પત્રની નકલ, ઉધનાઝોન તરફથી વીજીલન્સ વિભાગ, ખાતાકીય તપાસ અધિકારી તથા સેન્ટ્રલઝોનને વિલંબથી તબદીલ કરેલ પત્ર નં.સા.ઝોન/મહેકમ/૨૦૯૩ તા.૨૩–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી માંગવામાં આવેલ પૂરક પત્રમાં તા.૬–૨–૧૨ થી પૂરક વિગતોનો પત્ર મળેલ છે તથા તા.૮–૧૧–૧૧ ની અરજદારની અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૫–૧૧–૧૧ ની અરજીથી ગુમાસ્તા અધિકારી પ્રકાશ દેસાઈની મુદૃા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૯૨૭ તા.૨૩–૧૨–૧૧ થી મુદૃા નં.૧ થી ૫ ની તથા પત્ર

નં.સા.ઝોન/૫૮૧ તા.૨૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૨ ની નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) અમોએ આપશ્રીને આપેલ અરજી તા. ૮–૧૧–૧૧થી જેનો આપના રજીસ્ટરમાં ઈનવર્ડ નં.૭૯૭૮ છે તે અરજી અનુસંધાને થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી આપવી તથા કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન કરનાર અધિકારીઓના નામ હોદ્દા સહિત માહિતી આપવી. મુદ્દા નં.(૨) સા. ઝોન ઉધનાના ગુમાસ્તા અધિકારીશ્રી પ્રકાશ નાયક (દેસાઈ) ને મળેલ ગુમાસ્તાધારા અંગેની ફરીયાદો, અરજીઓ, રજૂઆતો અને તેના ઈન્વર્ડ નંબર તારીખ સહિતની માહિતી આપવી તથા આ ફરીયાદો અંગે સંસ્થાઓ વિરુધ્ધ થયેલ કાર્યવાહી જેવી કે વીઝીટ કર્યાની નકલ સહિત માહિતી આપવી. તેમજ સંસ્થાઓને નોટીસ આપી પૂર્તતા કરવા જણાવેલ નોટીસો તથા તેઓએ કરેલ પૂર્તતા સહિતની નકલ માહિતી આપવી તથા સંસ્થાની નકલ સહિતની માહિતી આપવી. તા.૧–૧–૧૧ થી તા.૨૫–૧૧–૧૧ સુધીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/૫૮૧ તા.૨૨–૧૨–૧૧ થી તા.૧–૧–૧૧ થી તા.૨૫–૧૧–૧૧ ના સમયગાળા દરમ્યાનની અનુક્રમ નંબર, ઈન્વર્ડ નંબર કરેલ કાર્યવાહીની વિગત અને રીમાર્કસ સહિતના ૧ થી ૮૯ અરજીઓની વિગતની યાદી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં નામદાર કોર્ટમાં દાખલ કરેલ કેસની નકલ નામદાર મ્યુ. કોર્ટમાંથી તમો મેળવી શકો છો. કર્મચારીની અરજી પત્ર, વ્યવહાર, સ્થળ તપાસની નકલ, નોટીસ વિ.ના નકલના પાના નંગ–૪૧૬ ની પાના દીઠ રૂા.૨/– લેખે દસ્તાવેજ ફી ના રૂા.૮૩૨/– ભરપાઈ કર્યેથી માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) અરજદાર ફરીયાદીની અરજીઓના ઈન્વર્ડ નંબર, તારીખ તથા આ ફરીયાદ અનુસંધાને અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ હોય તેના આઉટવર્ડ નંબર અને તારીખ સહિતની માહિતી. તા.૧–૧–૧૧ થી ૨૫–૧૧–૧૧ સુધીની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૭–૧–૧૧ થી ઈન્વર્ડ નં.૬૫૪ થી અરજી મળેલ છે જેનો ઉત્તર આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સા.ઝોન ઉધનાના ગુમાસ્તા અધિકારીશ્રી પ્રકાશ નાયક (દેસાઈ) એ જયારથી સુમનપામાં ફરજ ઉપર લાગ્યા ત્યારથી આજ સુધી તેઓ વિરુધ્ધ કાર્યવાહી અર્થે આવેલ ફરીયાદો, રજૂઆતો અરજીઓની તથા તે અંગે થયેલ જે તે કાર્યવાહી તથા કાર્યવાહી કરનાર ન કરનાર અધિકારીઓના નામ, તથા થયેલ કાર્યવાહીની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી. સમયગાળો– આ અધિકારી જયારથી નોકરીમાં લાગ્યા ત્યારથી આજ તારીખ તા.૨૫–૧૧–૧૧ સુધીનો. મુદ્દા નં.(૫) સા.ઝોન ઉધનામાં ફરજ બજાવનાર ગુમાસ્તા અધિકારી શ્રી પ્રકાશ નાયક (દેસાઈ) ફરજ ઉપર મોડા આવ્યા હોય, રજા પાસ કરાવ્યા વગર રજા ઉપર હોય, અથવા રજા લીધા સિવાય ઘેર જતા રહયા હોય તેવા સંજોગોની સંપૂર્ણ નકલ આધાર પુરાવાઓ સહિતની માહિતી આપવી. તેવા સંજોગોમાં સુમનપા ધ્વારા તેઓ વિરુધ્ધ થયેલ કાર્યવાહી, અપાયેલ નોટીસ, તથા વેતન કપાયેલ ન કપાયેલ અંગેના આધાર પુરાવા અને નકલ સહિતની માહિતી આપવી. સમયગાળો – આ મુદ્દા માટે જયારથી ઉધનાઝોનમાં છે ત્યારથી આજ તા.૨૫–૧૧–૧૧ સુધીનો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સાઉથઝોન ઉધના ખાતે ગુમા. નિરીક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી પ્રકાશ નાયકની સર્વીસબુક રેકર્ડ જોતાં તેમને ફરજ ઉપર મોડા આવ્યા હોય, રજાઓ પાસ કરાવ્યા વગર રજા ઉપર હોય, અથવા રજા લીધા સિવાય ઘરે જતા રહયા હોય એવા કોઈ કિસ્સા બનેલ નથી તેવા સંજોગોમાં સુમપા ધ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી ન આપવા તથા અરજી અન્ય ઝોન કે ખાતાકીય તપાસ અધિકારી કે વીજીલન્સને તબદીલ ન કરી માહિતી છુપાવી હોવાનું કારણ જણાવી તા.૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને માહિતી વિના મૂલ્યે મળવી જોઈએ તેવી રજૂઆત કરેલ છે.અરજદારે પૂરક વિગતોમાં મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી મળેલ નથી જે અંગે મુદ્દા નં.૧ ની તા.૮–૧૧–૧૧ ની અરજીની નકલ રજૂ કરેલ છે. જે ઉધનાઝોનના બાંધકામો બાબતેની છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/ આ.નં. ૨૦૯૩ તા.૨૩–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ , જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારી તેમજ જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ છે. અરજદારની મુદ્દા નં.૪ બાબતે અરજી વિલંબથી તબદીલ કરવામાં આવેલ છે પરંતુ અરજદારે પૂરક વિગતોમાં મુદ્દા નં.૪ અંગે ડીપાર્ટમેન્ટ ઈન્કવાયરી વિભાગ તરફથી મુદ્દા નં.૪ ની માહિતી મળ્યાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૧ ઉધનાઝોનને સ્પર્શતો હોવા છતાં તે અંગે કોઈ માહિતી પૂરી પડાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી નહીં મળ્યાનું જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૧૧–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા અરજી સમયસર તબદીલ થાય તે અંગે તકેદારી રાખવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,